| | | |
|---|---|---|
| | જનસંપર્ક અધીકારી દ્વારા<br>પોલીસ કમિશનરશ્રીની કચેરી,<br>અમદાવાદ શહેર (P.R.O.)<br>ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩<br>કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,<br>૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦ | |

તા.૧૭/૦૪/૨૦૨૨ રવિવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-**

**સમાચાર યાદી નં.૬૭૯/૨૦૨૨**

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૧૬/૦૪/૨૦૨૨ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.**

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૧૭૪૬ | ૦ | ૧૧૭૪૬ | ૧૭૮૫૨ | ૦ | ૧૭૮૫૨ |
| ૨ | કલમ ૨૬૯, ૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૭૩૩ | ૦ | ૪૭૩૩ | ૬૨૮૨ | ૦ | ૬૨૮૨ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૧૩૭ | ૦ | ૧૩૭ | ૪૧૬ | ૦ | ૪૧૬ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૮૪૦૭૪ | ૦ | ૮૪૦૭૪ | ૮૫૦૪૪ | ૦ | ૮૫૦૪૪ |
| કુલ | | ૧૦૦૬૯૦ | ૦ | ૧૦૦૬૯૦ | ૧૦૯૫૯૪ | ૦ | ૧૦૯૫૯૪ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૧૦ | ૪,૧૩,૮૦૦/- |

| પત્રક-૩ | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૦૦ | ૦૦/- |

# શરીર સંબંધી ગુનાના આરોપીની અટકાયતની વિગત

## વાસણા પોલીસ સ્ટેશન

## અપહરણના ગુનામા ભોગબનનાર સગીર બાળાને ભગાડી જનાર આરોપીને શોધી કાઢી પ્રસંશનીય કામગીરી કરતી વાસણા પોલીસ

મહે.પોલીસ કમિશ્નરશ્રી તથા ખાસ પોલીસ કમિશ્નરશ્રી, સેક્ટર-૧ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી, ઝોન-૭, અમદાવાદ શહેર તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી, એમ-ડીવીઝન, અમદાવાદ શહેર નાઓએ ગુમ/ અપહરણ થયેલ બાળકો તથા આરોપીને શોધી કાઢવા સારૂ જરૂરી સુચનાઓ આપેલ જે આધારે ઇન્ચાર્જ પોલીસ ઇન્સ્પેક્ટરશ્રી રિધ્ધી દવે સાહેબ નાઓએ વાસણા પો.સ્ટે પાર્ટ એ ગુ.ર.નં.૧૧૧૯૧૦૬૬૨૨૦૩૩૦/૨૦૨૨ ધી ઇ.પી.કો. કલમ ૩૬૩,૩૬૬, ૩૭૬(૨) (એન) તથા પોક્સો એક્ટ ૨૦૧૨ ની કલમ ૩(એ),૪,૫(એલ),૬,૧૧(૬),૧૨ તથા એટ્રોસીટી એક્ટ કલમ-૩(૨)(૫), ૩(૧)(w)(i), તથા ૩(૧)(w)(ii) મુજબના કામે અપહરણ થયેલ બાળકીને લલચાવી ફોસલાવી ભગાડી અપહરણ કરી જનાર આરોપી ને શોધી કાઢવા સારૂ એ.બીટ ચોકીમાં ફરજ બજાવતા પો.સ.ઇ સી.આર.રાવળ તથા કર્મચારીઓને જરૂરી સુચના તથા માર્ગદર્શન આપેલ જે અન્વયે તેઓની ટીમ દ્વારા સદરી આરોપીના મોબાઇલ નંબર ની સી.ડીઆર.એનાલીસીસ કરી આરોપી નુ લોકેશન મળી આવતા સદર જગ્યાએ આરોપીને પકડી પાડવા સારૂ અત્રે પો.સ્ટે ખાતેના અ.હે.કો.વશરામભાઇ રામજીભાઇ બ.નં.૫૬૪૫ તથા અ.પો.કો વિજયભાઇ શંકરભાઇ બ.નં.૬૭૭૯ તથા અ.લો.ર ઉદયભાઇ પીઠુભાઇ બ.નં-૧૨૦૦૭ તથા વુ.અ.લો.ર શીતલબેન કાનજીભાઇ બ.નં-૧૦૬૦૦ નાઓને ઉતરપ્રદેશ રાજ્ય ખાતે તપાસ માં જઇ અથાગ પ્રયત્નો કરી આરોપી નરદેવસિંહ ઉર્ફે નિતીનકુમાર સ/ઓ દયારામ પ્રજાપતિ ઉવ.૨૨ રહે: ગામ.મેમન પોસ્ટ.ભનેડા તા.કિરતનપુર જી.બિજનોર (ઉત્તરપ્રદેશ) નાને શોધી કાઢી નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૭ અમદાવાદ શહેર નાઓ સદર ગુનાની તપાસ કરતા હોય સદરી આરોપી તેઓને સોપેલ છે.આમ,ભોગબનનાર સગીર બાળાને ભગાડી જનાર આરોપીને શોધી કાઢી પ્રસંશનીય કામગીરી કરેલ છે. તા.૧૬/૦૪/૨૦૨૨

## કામગીરી કરનાર અધિકારી/કર્મચારી-

(૧) પો.સ.ઇ.શ્રી સી.આર.રાવળ

(૨) અ.હે.કો.વશરામભાઇ રામજીભાઇ બ.નં.૫૬૪૫

(૩) અ.પો.કો વિજયભાઇ શંકરભાઇ બ.નં.૬૭૭૯

(૪) અ.લો.ર ઉદયભાઇ પીઠુભાઇ બ.નં-૧૨૦૦૭

(૫) વુ.અ.લો.ર શીતલબેન કાનજીભાઇ બ.નં-૧૦૬૦૦



# પાસા અટકાયતની વિગત

## નારોલ પોલીસ સ્ટેશન

## પ્રોહિબિશન સબંધિત અસામાજીક પ્રવૃત્તિ સાથે સંકળાયેલ પાસા અટકાયતીને મધ્યસ્થ જેલ રાજકોટ ખાતે મોકલતી નારોલ પોલીસ

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા સંયુક્ત પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૨ અમદાવાદ શહેર તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૬ અમદાવાદ શહેર તથા મદદનીશા પોલીસ કમિશ્નરશ્રી “કે” ડીવીજન અમદાવાદ શહેર નાઓની સુચના તથા માર્ગદર્શન આધરે અમદાવાદ શહેર વિસ્તારમાં પ્રોહિબિશનની પ્રવુતિ સદંતર નેસ્ત નાબુદ કરવા ચુસ્તપણે સુચના આપેલ હોય જે અનુસંધાને નારોલ પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવી પ્રવૃત્તિ સાથે સંકળાયેલ ઇસમો વિરૂદ્ધ કાયદેસરની કાર્યવાહી કરવા પો.ઇન્સશ્રી આર.એમ.ઝાલા નાઓએ પો.સ્ટે સ્ટાફના માણસોને સુચન કરેલ હોય જે અનુસંધાને નારોલ પો.સ્ટે માં તથા અન્ય પોલીસ સ્ટેશનમાં પ્રોહિબિશન સબંધે દાખલ થયેલ ગુનાઓની માહિતી એકત્ર કરતા અટકાયતી નજીરખાન ઉર્ફે કાંચો નસીમખાન જાતે-પઠાણ ઉ.વ.૨૧ રહે, મ.નં. એ/૧૩ સુફીયાનપાર્ક ગ્રીનપાર્કની પાસે બાગેકૌશર નારોલ અમદાવાદ શહેર નાઓ વિરૂદ્ધમાં ગુના દાખલ થયેલ હોય જે અનુસંધાને તેની પ્રોહિબિશન સબંધિત ગુનાહિત અસામાજીક પ્રવૃત્તિ વિરૂધ્ધ પાસા દરખાસ્ત ભરી મે.પોલીસ કમિશ્નશ્રી અમદાવાદ શહેરનાઓ તરફ મોકલી આપતા મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓએ સદરી અટકાયતી વિરૂધ્ધ પાસા અટકાયતી હુકમ ક્રમાંક : પીસીબી/ડીટીએન/પાસા/૩૫૫/૨૦૨૨ તા.૧૬/૦૪/૨૦૨૨ થી પાસા અટકાયતીનો હુકમ કરતા સદર પાસા અટાકયતીને પાસા હુકમની બજવણી કરી યોગ્ય પોલીસ જાપ્તા સાથે મધ્યસ્થ જેલ રાજકોટ ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે જે નારોલ પોલીસ સ્ટેશનની પોલીસ દ્વારા સરાહનીય કામગીરી કરવામાં આવેલ છે.

## કામગીરી કરનાર અધિકારી/ કર્મચારીઓ

આર.એમ.ઝાલા પોલીસ ઇન્સપેક્ટર નારોલ પોલીસ સ્ટેશન અમદાવાદ શહેર
અ.હે.કો. દીપેનકુમાર મનુભાઇ બ.નં. ૬૦૮૦ તથા અ.લો.ર. મુકેશ બાલુભાઇ બ.નં. ૧૨૧૭૧



**નશાબંધી અને જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૬૮૦/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૩ કેસ કરી, ૪૩ વ્યક્તિઓને ઝડપી, ૩૪૮ લીટર દેશી દારૂ, ૨૩ બોટલ ઇંગ્લીશ દારૂ, ૪૫ ક્વૉટર ઇંગ્લીશ દારૂ અને ૧ મોટર સાયકલ કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૧ કેસ, ૧ વ્યક્તિને ઝડપી રોકડ રૂપિયા ૨,૪૭૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૬૮૧/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૪૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ હેઠળ ૦૯ વ્યક્તિઓની અને પાસા હેઠળ 03 વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૬૮૨/૨૦૨૨**

**ચાંદખેડાઃ** રાજુભાઈ શંકરભાઈ રબારી (રહે.રબારી વાસ, જગનાળા તલાવડી, ચાંદખેડા) એ ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૫/૦૪/૨૦૨૨ સાંજના ૫/૩૦ થી તા.૧૬/૪/૨૦૨૨ કલાક ૨/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનુ તાળુ તોડી, અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી, તીજોરીમાંથી સોના-ચાંદીના દાગીના અને રોકડ રૂપિયા મળી કુલ રૂપિયા ૨,૬૦,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી વી.એમ.દેસાઈ ચલાવે છે.

**અપમૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૬૮૩/૨૦૨૨**

**ચાંદખેડાઃ** ચાંદખેડા જગતપુર ચોથા માળે વિષ્ણુધારા ગાર્ડન પાસે ડી/બ્લોક, અંનતા ધરતી સાંકેત નામની બનતી સાઈટ પર કડીયાકામ કરતા અને ત્યા જ રહેતા પોપટ મરતાભાઈ કટારા (ઉ.વ.૩૦) (મુળવતન. ગામ-કુબેલા, પોસ્ટ-વેઝા, તા-જોતરી, જી-ડુંગરપુર, રાજસ્થાન) તા.૧૬/૦૪/૨૦૨૨ કલાક ૦૦/૩૦ વાગ્યાના સુમારે સાઈટ ઉપર ચોથા માળની ખુલ્લી બારીમાંથી નીચે પડી જતા ગંભીર ઈજાઓ થતા તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે ચાંદખેડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી પ્રવિણભાઇ જયંતીભાઇ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૬૮૪/૨૦૨૨**

**રિવરફ્રંટ વેસ્ટઃ** સુનિલ રાજુભાઈ ઝાપડીયા (ઉ.વ.૧૮) (રહે. શ્રીનંદનગર વિભાગ-૪ વેજલપુર) એ અગમ્ય કારણસર તા.૧૬/૦૪/૨૦૨૨ બપોરના ૪/૦૦ વાગ્યા પહેલા કોઇપણ સમયે આંબેડકર બ્રીજ નીચે વોક-વે નજીક નદીમાં પડતુ મુકી આત્મહત્યા કરી હતી. આ અંગે રિવરફ્રંટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી વિક્રમભાઈ મનજીભાઈ ચલાવે છે.

**સાબરમતી**ઃ સાબરમતી ત્રાગડ રોડ સિધ્ધાર્થ આઇકોન પાછળ આવેલ દાદાભોજ પસ્તી ભંડાર ખાતે રહેતા રામલાલ શાંતીલાલ સેન (ઉ.વ.૨૫) (મુળ વતન. ગામ-તા. ભીલવાસ રાજસ્થાન) એ અગમ્ય કારણસર તા.૧૫/૦૪/૨૦૨૨ સાંજના ૭/૦૦ વાગ્યા પહેલા રહેણાંક પાછળ ખુલ્લા ખેતરમા બાવળના ઝાડની ડાળી સાથે પ્લાસ્ટીકની પટ્ટી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે સાબરમતી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી કિશોરસિંહ ભેરૂસિંહ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.